લાતુરના અજિંક્ય શિંદેએ દિલ્હીમાં CJPના આંદોલનની કમાન સંભાળી

લાતુર, તા. 10 (PTI): કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના શીર્ષ નેતૃત્વની અટકાયતમાં લેવામાં આવ્યા બાદ મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના વતની અજિંક્ય શિંદે ચર્ચામાં આવ્યા છે. તેમણે જંતર મંતર ખાતે સીજેપીના આંદોલનના આગામી ચરણનું નેતૃત્વ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

સીજેપીના પ્રભારી શિંદેએ શનિવારે ‘જંતર મંતર 2.0’ વિરોધ પ્રદર્શનની કમાન સંભાળી છે. કારણ કે, દીપકેએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કરવા માટે તેમને જવાબદારી સોંપી હતી, જ્યાં સુધી તેઓ અને અન્ય બે નેતાઓ અટકાયતમાં છે.

યુએને દિલ્હી વિરોધ પ્રદર્શનો દરમિયાન મોટા પાયે અટકાયત સામે ચિંતા વ્યક્ત કરી

જિનીવા, તા. 10 (પીટીઆઇ) યુએન માનવાધિકાર કાર્યાલયે શનિવારે દિલ્હીમાં મોટા પાયે થયેલા વિરોધ પ્રદર્શનો દરમિયાન મોટા પાયે અટકાયત કરવા પર ચિંતા વ્યક્ત કરી છે. સાથે જ તેણે ભારતીય સત્તાવાળાઓને શાંતિપૂર્ણ સભા યોજવાના અધિકારનું સન્માન કરવા વિનંતી કરી છે અને મનસ્વી રીતે અટકાયતમાં લેવાયેલા કોઈપણ વ્યક્તિને તાત્કાલિક મુક્ત કરવાની માંગ કરી છે. સુરક્ષા દળોએ સેન્ટ્રલ દિલ્હીમાં જંતર મંતર પર પહોંચવા માટે જનરેશન-ઝેડ (જેન ઝી) ના નેતૃત્વવાળા કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) દ્વારા આયોજિત પ્રસ્તાવિત દેખાવને અટકાવતા સેંકડો પ્રદર્શનકારીઓની અટકાયત કરી હતી. મતદાર યાદીમાં ગેરરીતિના આક્ષેપોને લઈને ચૂંટણી સુધારણા અને મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરવા માટે આ વિરોધ પ્રદર્શનનું આહ્વાન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચ અને શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ આ આક્ષેપોને ફગાવી દીધા છે.

સીઈસી સામેના આંદોલનમાં ભાજપના નેતાની દીકરીની પણ અટકાયત

નવી દિલ્હી, તા. 10
ઉત્તર પ્રદેશના ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના પૂર્વ ધારાસભ્ય વિક્રમ સિંહની પુત્રી યશસ્વિની રાજે સિંહને દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર વિરુદ્ધના વિરોધ પ્રદર્શન વચ્ચે અટકાયતમાં લેવામાં આવ્યા છે. યશસ્વિની રાજેએ એક્સ પર લખ્યું, “બાંગ્લા સાહિબ નજીક એક બગીચામાં બેસવા બદલ અટકાયતમાં લેવામાં આવ્યા. હાલમાં કેશવ પુરમ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે.

124 પૂર્વ અધિકારીઓએ ચૂંટણી પંચ અને સરની તરફેણમાં

નવી દિલ્હી, તા. 10 (PTI): કુલ 124 પૂર્વ આઈએએસ, આઈએફએસ, આઈપીએસ અને સંલગ્ન સેવાઓના અધિકારીઓએ ચૂંટણી પંચ (ઈસી) અને એસઆઈઆર પ્રક્રિયાનો મજબૂત બચાવ કરતાં કહ્યું છે કે, જ્યારે કોઈ જીતે ત્યારે સિસ્ટમ પ્રામાણિક અને જ્યારે તે વ્યક્તિ હારે ત્યારે ધાંધલીવાળી ન હોઈ શકે. ભારતના નાગરિકોને લખેલા એક ખુલ્લા પત્રમાં પૂર્વ અધિકારીઓએ એમ પણ કહ્યું કે, સંસ્થાઓનું આકલન રાજકીય જોડાણના આધારે કરી શકાય નહીં. તેમણે કહ્યું કે, આ જ કમિશન હેઠળ કેન્દ્રમાં શાસક ભારતીય જનતા પાર્ટી (બીજેપી) હિમાચલ પ્રદેશ, કર્ણાટક, તેલંગાણા, ઝારખંડ અને જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી હારી ગઈ અને 2024માં લોકસભામાં તેની બહુમતી ગુમાવી દીધી. તેમણે કહ્યું, ‘ ’વિજેતાઓએ કોઈ ફરિયાદ કરી ન હતી. સિસ્ટમ ફક્ત તમે જીતો ત્યારે પ્રામાણિક અને જ્યારે તમે હારો ત્યારે ધાંધલીવાળી ન હોઈ શકે.’’

આજે સવારે 10 વાગે ફરી જંતર-મંતર પર દેખાવોનું CJPનું એલાન

સીઇસી રાજીનામું નહીં આપે ત્યાં સુધી પાછા જઇશું નહીં, દેશભરમાં દેખાવો થશે: સીજેપી

આજે પણ ટ્રાફિક નિયંત્રણોની દિલ્હી પોલીસની જાહેરાત

નવી દિલ્હી, તા. ૧૦(PTI): કોકરોચ જનતા પાર્ટી(CJP) એ શનિવારે મતદાર યાદીમાં કથિત ગેરરીતિઓ સામે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર રાજીનામું ન આપે ત્યાં સુધી વિરોધ પ્રદર્શન ચાલુ રાખવાનો સંકલ્પ કર્યો હતો. રવિવારે સવારે ૧૦ વાગ્યે જંતર-મંતર ખાતે વધુ એક પ્રદર્શનની જાહેરાત કરવામાં આવી છે, જ્યારે બીજી તરફ દિલ્હી ટ્રાફિક પોલીસે નવી દિલ્હી અને સેન્ટ્રલ દિલ્હીમાં સંભવિત ટ્રાફિક નિયંત્રણો અંગે ચેતવણી આપી છે. ૩૦ જેટલા પોઈન્ટ પર ટ્રાફિક ડાઈવર્ઝન આપવામાં આવ્યું છે.

શનિવારના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ દ્વારા પ્રદર્શનકારીઓ, કાર્યકર્તાઓ અને રાજકીય નેતાઓની અટકાયત કર્યા બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા, CJP ના રાષ્ટ્રીય સંગઠન પ્રભારી અજિંક્ય શિંદેએ જણાવ્યું હતું કે અટકાયતો છતાં પક્ષ પાછો નહીં હટે. CJPના મુખ્ય સભ્યો અટકાયતમાં હોવાથી પ્રદર્શનનું નેતૃત્વ કરી રહેલા શિંદેએ કહ્યું, “સરકારે વિચાર્યું હશે કે આજની અટકાયત પછી આપણે ઘરે પાછા ફરીશું. મોદી, શાહનો આ ડર દર્શાવે છે કે આપણે અડધી લડાઈ જીતી લીધી છે.”

શિંદેએ વધુમાં જણાવ્યું, “તમે જેટલા પણ લોકોની અટકાયત કરશો, જ્યાં સુધી જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી અમે પાછા નહીં જઈએ. અમે આવતીકાલે સવારે ૧૦ વાગ્યે ફરીથી જંતર-મંતર તરફ કૂચ કરીશું.” તેમણે લોકોને મોટી સંખ્યામાં આ પ્રદર્શનમાં જોડાવા અને જો દિલ્હી પોલીસ દ્વારા રોકવામાં આવે તો પણ વિરોધ ચાલુ રાખવા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું, “મોટી સંખ્યામાં જંતર-મંતર પહોંચો, અને દિલ્હી પોલીસ તમને જ્યાં પણ રોકે ત્યાં જ વિરોધ પ્રદર્શન શરૂ કરી દો.” શિંદેએ ભારે સુરક્ષા બંદોબસ્ત અને નિયંત્રણોની ટીકા કરતા આરોપ લગાવ્યો હતો કે દિલ્હીને “છાવણી અથવા કિલ્લામાં” ફેરવી દેવામાં આવ્યું છે. સંગઠને જણાવ્યું હતું કે, ૧૩ કરોડ મતોની કથિત હેરાફેરી અને છેડછાડ અંગે જવાબદારી નક્કી ન થાય ત્યાં સુધી દેશભરમાં નાગરિક અસહકાર અને રસ્તા પરના વિરોધ પ્રદર્શનો ચાલુ રહેશે.

દીપ્કે અને સાથીદારોની પોલીસે વિમાનમાં પ્રવેશી અટકાયત કરી

ધ્રુવ રાઠીની ગુરુગ્રામમાંથી અટકાયત કરી લેવાઇ

દિલ્હી પોલીસે મહિલા અધિકારીઓની ટીમ મોકલીને સીજેપી નેતાઓની અટકાયત કરી

નવી દિલ્હી, તા. ૧૦(PTI): દીપ્કે અને CJP ના બે નેતાઓ - સૌરવ દાસ અને આશુતોષ રાંકાની દિલ્હી પોલીસે મુંબઈથી આવેલી તેમની ફ્લાઇટ રાષ્ટ્રીય રાજધાનીમાં લેન્ડ થતાં જ વિમાનની અંદરથી અટકાયત કરી લીધી હતી. CJP દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોમાં, દીપ્કે વિમાનમાં પ્રવેશેલા પોલીસ અધિકારીઓને કહેતા સાંભળવા મળ્યા હતા કે, ‘અમે અહીં ધરપકડ વહોરવા જ આવ્યા છીએ, આવો અને અમારી ધરપકડ કરો.’ અટકાયત કરતા પહેલા, પોલીસ કર્મચારીઓએ CJP નેતાઓને જણાવ્યું હતું કે તેમની પાસે જંતર મંતર પર પ્રદર્શન કરવાની મંજૂરી નહોતી. દીપ્કે કહ્યું કે CJP નેતાઓની અટકાયત એ રીતે કરવામાં આવી રહી છે જાણે તેઓ ગુનેગાર હોય. તેમણે ઉમેર્યું કે ભૂતપૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધીએ પણ આવું નહોતું કર્યું, અને આ સરમુખત્યારશાહી સમાન છે. વિદેશ નિવાસી યુટ્યુબર ધ્રુવ રાઠી, જેઓ CEC કુમાર વિરુદ્ધ CJP ના પ્રદર્શનમાં જોડાવા આવ્યા હતા, તેમની શનિવારે ગુરુગ્રામના સેક્ટર ૫૬ સ્થિત તેમના નિવાસસ્થાનેથી પોલીસે અટકાયત કરી હતી.

પોલીસે પુરુષ અધિકારીઓને બદલે અંદાજે એક ડઝન મહિલા પોલીસ અધિકારીઓની ટીમને વિમાનની અંદર મોકલી હતી. સંકડા વિમાનમાં ઘર્ષણ અટકાવવા અને વિવાદ ટાળવા પોલીસે આ રણનીતિ અપનાવી હોવાનું મનાય છે.અભિજીત દીપ્કે પોતાની વિન્ડો સીટ (બારી પાસેની સીટ) પરથી જ પોતાના મોબાઇલ વડે આ આખું રિકોર્ડિંગ કર્યું હતું. દીપ્કે વિન્ડો સીટ પર હતા, તેમની બાજુમાં વચ્ચેની સીટ પર સૌરવ દાસ અને તેમની સાથે આશુતોષ રાંકા બેઠેલા જોવા મળે છે.

દીપ્કે પોલીસે કરેલી આ પ્રકારની ધરપકડ સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, “તમે વિમાનમાંથી નીચે ઊતરવા સુધી રાહ જોઈ શક્યા હોત.”

તેમણે વધુમાં કહ્યું, “દેશ કઈ તરફ જઈ રહ્યો છે તે તમે જોઈ શકો છો. તેઓ ફ્લાઇટમાંથી જ સીધી અમારી અટકાયત કરવા આવ્યા છે. આવું તો ઇન્દિરા ગાંધીએ પણ નહોતું કર્યું, આ તાનાશાહી છે.”

દીપ્કેએ પોલીસને કહ્યું, “હું અહીં ધરપકડ વહોરવા જ આવ્યો છું, મારી અટકાયત કરો.”

જંતર-મંતર પહોંચી ન શકાયું તો દિલ્હીની શેરીઓમાં છૂટાછવાયા વિરોધ પ્રદર્શનો

પોલીસ સાથે સંતાકુકડી રમતા દેખાવકારોએ રસ્તાઓ અને ચોકડીઓ પર દેખાવો યોજી લીધા

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઈ): જંતર મંતર ખાતે એકત્ર થવાની યોજના હતી, પરંતુ તે થઈ શક્યું નહીં તો દિલ્હીમાં અન્ય સ્થળોએ નાના નાના વિરોધ પ્રદર્શનો યોજાઇ ગયા હતા.

શનિવારે ખાકી અને બ્લુ-ગ્રીન યુનિફોર્મ્સનો દરિયો, ધાતુના બેરિકેડ્સ અને આડીઅવળી પાર્ક કરેલી બસોએ ભારતના વિરોધના સરનામાને એક કિલ્લામાં ફેરવી દીધું, જેનાથી દેખાવકારો દિલ્હીમાં વેરવિખેર થઈ ગયા હતા. નાના જૂથોએ સૂત્રોચ્ચાર કર્યા, રસ્તાઓ બદલ્યા અને ફરીથી એકઠા થવાનો પ્રયાસ કર્યો, જે બાદ તેમની અટકાયત કરવામાં આવી. સાંજના ૫ વાગ્યા સુધીમાં ઓછામાં ઓછા ૩,૦૦૦ લોકોની અટકાયત કરવામાં આવી હતી. સુરક્ષા દળોએ દેખાવકારોને નિર્ધારિત સ્થળે પહોંચતા અટકાવતા, જે એક સામૂહિક સભા બનવાની હતી તે ટૂંક સમયમાં જ દિલ્હીના રસ્તાઓ, ચોરાહાઓ અને વૈકલ્પિક સ્થળો પરના નાના વિરોધ પ્રદર્શનોમાં ફેરવાઇ ગઇ હતી.

શનિવારનું આ પ્રદર્શન ન્યૂ દિલ્હીમાં આ છેલ્લા અઠવાડિયામાં હચમચાવી નાખનાર પ્રદર્શનોની શ્રેણીમાં તાજેતરનું છે, જેમાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા કરાયેલું પ્રદર્શન પણ સામેલ છે. જુલાઈમાં પેપર લીક સામે યોજાયેલા વિરોધ પ્રદર્શનની સફળતા જોઈએ આ વખતે સરકારે દિલ્હીમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. કનૉટ પ્લેસ અને ગુરુદ્વારા બંગલા સાહિબથી લઈને દિલ્હી હાટ, ગોલ માર્કેટ, આઈએનએ માર્કેટ અને મિંટો બ્રિજ સુધી, દેખાવકારો એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરતા રહ્યા, એકઠા થવાની જગ્યાઓ અને જંતર મંતર માટે નીકળેલા અન્ય લોકોને શોધતા રહ્યા. કેટલાંક સ્થળોએ પોલીસ કર્મચારીઓ આવે તે પહેલા સૂત્રોચ્ચાર ગુંજી ઉઠ્યા, જેમણે દેખાવકારોનો પીછો કર્યો અને તેમની અટકાયત કરી. જો કે, જુલાઈના વિરોધ પ્રદર્શનોથી વિપરીત, પોલીસે બળનો ઉપયોગ કર્યો ન હતો અને કોઈ હિંસા નોંધાઈ ન હતી.

અટકાયત વખતે દીપ્કે અને સાથીદારોનો ફ્લાઇટમાં મુસાફરોએ હુરિયો બોલાવ્યો

સૌરભ દાસ સાથે એક મહિલાની બોલાચાલી થઇ ગઇ, ‘કચરો સાફ’ જેવી કોમેન્ટ પણ થઇ

નવી દિલ્હી, તા. ૧૦: “સ્વચ્છ ભારત, કચરો સાફ!” આ પ્રકારની ટિપ્પણીઓ એર ઈન્ડિયાની ફ્લાઈટના કેબિનમાં સાંભળવા મળી હતી જ્યારે શનિવારે દિલ્હી પોલીસ દ્વારા ‘કોકરોચ જનતા પાર્ટી’ (CJP)ના ત્રણ સભ્યો - અભિજીત દીપ્કે, સૌરભ દાસ અને આશુતોષ રાંકાને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. સહ-પ્રવાસીઓએ તેમનો વિરોધ કરીને તેમની સામે ગુસ્સો ઠાલવ્યો હતો, તેમને બૂમો પાડીને ચીડવ્યા હતા અને તીખી ટિપ્પણીઓ કરી હતી. આ ગુસ્સો ફ્લાઈટમાં થયેલી અડચણ અને વિલંબ તેમજ મુસાફરોની CJPના વિચારો સાથેની અસહમતિને કારણે હતો.

એ જ ફ્લાઈટમાં હાજર રહેલા એક મુસાફર શશાંક ત્યાગીએ જણાવ્યું હતું કે, “90% કરતા વધુ મુસાફરો આ ઘટનાથી રોષમાં હતા, મુખ્યત્વે કારણ કે ઘણા લોકો CJPના વિચારોનું સમર્થન કરતા ન હતા અને કેટલાક લોકો ફ્લાઈટના વિલંબથી નારાજ હતા.” તેમણે ઉમેર્યું કે શરૂઆતમાં તેઓ જાણતા ન હતા કે આ લોકો કોણ છે કે તેમની અટકાયત કરવાની પ્રક્રિયા ક્યારે શરૂ થઈ.

સીજેપીના નેતાઓ શનિવારે મુંબઈથી દિલ્હી આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 2428માં દિલ્હી આવ્યા હતા, જો કે વિમાનમાંથી જ તેમની અટકાયત કરી લેવાઇ હતી. તેમને લઇ જવાતા હતા ત્યારે સૌરભ દાસ સામે એક મહિલા કશું બોલી હતી, સૌરભે કહ્યું કે તમને શરમ આવવી જોઈએ, તો તે મહિલાએ વળતા જવાબમાં કહ્યું તમને શરમ આવવી જોઈએ. જો કે કઇ બાબતે બોલાચાલી થઇ તે જાણવા મળ્યું ન હતું. એક સિનિયર સિટિઝને એમ કહ્યું કે મા-બાપે



દિલ્હીમાં ભારે ‘ખિલ્લે’બંધી !!

દિલ્હી પોલીસે કોકરોચ જનતા પાર્ટીને જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરવાની પરવાનગી નકાર્યા બાદ, શનિવાર પહેલાં રાજધાનીમાં અભૂતપૂર્વ સુરક્ષા બંદોબસ્ત લાગુ કરવામાં આવ્યો છે, જેમાં 25,000 પોલીસ અને અર્ધલશ્કરી જવાનોની તૈનાતી, 45 મેટ્રો સ્ટેશનો બંધ રાખવા, ઇન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવી અને શહેરના સરહદી વિસ્તારો, રેલવે સ્ટેશનો, બસ ટર્મિનલ્સ, હોટલો તથા અન્ય સંવેદનશીલ સ્થળોએ સઘન તપાસનો સમાવેશ થાય છે. રસ્તા પર ખીલા બિછાવાયા હતા.

સીઇસી વિરોધી દેખાવો નિષ્ફળ બનાવવા પોલીસે અટકાયતોનો દોર ચલાવ્યો

દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનના દિગ્ગજ નેતાઓની અટકાયત

જંતર-મંતર જઈ રહેલા ચાર ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ કેજરીવાલ, મમતા બેનર્જી, પિનારાઈ વિજયન અને માણિક સરકારની અટકાયત

પ્રશાંત ભૂષણ, યોગેન્દ્ર યાદવ સહિત અનેક ચળવળકારોની પણ અટકાયત

રાજધાનીમાં સુરક્ષા દળોની ભારે જમાવટ, ઠેરઠેર બેરિકેડ્સ વચ્ચે સેંકડો વિરોધ પ્રદર્શનકારીઓની અટકાયત

નવી દિલ્હી, તા. ૧૦(PTI): ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર(CEC) જ્ઞાનેશ કુમારના કથિત મતદાર યાદીઓની અનિયમિતતાઓ સામે રાજીનામાની માગ સાથે જંતર-મંતર ખાતે વિરોધ પ્રદર્શનમાં જોડાવાનો પ્રયાસ કરી રહેલા પૂર્વ મુખ્યમંત્રીઓ અરવિંદ કેજરીવાલ, મમતા બેનર્જી, પિનારાઈ વિજયન અને માણિક સરકાર સહિત INDIA ગઠબંધનના અનેક નેતાઓની શનિવારે દિલ્હી પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. કોકરોચ જનતા પાર્ટી(CJP) દ્વારા મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) વિરુદ્ધ યોજવામાં આવેલા વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને રાજધાનીમાં ભારે સુરક્ષા, બેરિકેડ્સ અને અવરજવર પરના પ્રતિબંધો વચ્ચે વિવિધ સ્થળોએથી આ અટકાયતો કરવામાં આવી હતી. કેજરીવાલ, બેનર્જી, વિજયન અને સરકાર ઉપરાંત અટકાયત કરાયેલા અન્ય નેતાઓમાં સીપીઆઈ(એમ) ના જનરલ સેક્રેટરી એમ. એ. બેબી, વરિષ્ઠ ડાબેરી નેતા બ્રિંદા કરાત, સીપીઆઈ(એમએલ) લિબરેશનના જનરલ સેક્રેટરી દીપાંકર ભટ્ટાચાર્ય, સામાજિક ચળવળકાર યોગેન્દ્ર યાદવ અને જાણીતા ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણનો સમાવેશ થાય છે. કેજરીવાલની તેમના લોધી એસ્ટેટ સ્થિત નિવાસસ્થાન બહારથી આપ નેતાઓ અને કાર્યકરો સાથે જંતર-મંતર તરફ કૂચ કરતી વખતે અટકાયત કરવામાં આવી હતી. પોલીસે તેમની અટકાયત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પાર્ટીના કાર્યકરોએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ કર્મચારીઓ તેમને પગ અને છાતીના ભાગેથી ઊંચકીને પોલીસ બસ તરફ લઈ ગયા હતા. તેમની સાથે અટકાયત કરાયેલા પાર્ટીના અન્ય નેતાઓમાં રાજ્યસભાના સાંસદ સંજય સિંહ, દિલ્હી એકમના વડા સૌરભ ભારદ્વાજ, ધારાસભ્ય કુલદીપ કુમાર અને રાષ્ટ્રીય મીડિયા પ્રભારી અનુરાગ ધાંડાનો સમાવેશ થાય છે. આપના વરિષ્ઠ નેતા ગોપાલ રાયની પણ પાર્ટી કાર્યાલય ખાતે વિરોધ પ્રદર્શન કરતી વખતે અટકાયત કરવામાં આવી હતી. પોલીસ અટકાયત પહેલાં, કેજરીવાલે દેશભરના યુવાનોને કથિત ચૂંટણી ગેરરીતિઓ સામે વિરોધ પ્રદર્શન કરવા વિનંતી કરી હતી. “... અત્યાર સુધી મોદીજી માત્ર વોટ ચોરીને જ ચૂંટણી જીતતા હતા.

રાજ્યસભાના એક સાંસદ અને SFIના કાર્યકરો નાંગલોઇ સ્ટેડિયમ પર ભૂખ હડતાળ પર બેસી ગયા

અલગથી, રાજ્યસભાના સાંસદ એ. એ. રહીમ અને અટકાયત કરાયેલા સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા(SFI) ના કાર્યકરોએ નાંગલોઇ સ્ટેડિયમ ખાતે ભૂખ હડતાળની જાહેરાત કરી હતી, જ્યાં લગભગ 300 વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી હતી. તેમણે દિલ્હી પોલીસના એક ઇન્સ્પેક્ટર સામે કાર્યવાહી અને માફીની માંગ કરી હતી, જેમણે વિદ્યાર્થીઓ સાથે કથિત રીતે ગેરવર્તણૂક કરી હતી. આ ઉપરાંત તેમણે પોલીસ દ્વારા જપ્ત કરાયેલા મોબાઇલ ફોન અને બેગ પરત કરવાની પણ માંગ કરી હતી.

દિલ્હીમાં ટ્રેનો બંધ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં આજે રવિવારે ઈમરજન્સી સુનાવણી

સુપ્રીમ કોર્ટે મેટ્રો અને ટ્રેન સેવાઓ સંપૂર્ણ બંધ ન રાખવા જણાવ્યું હતું તેનું ઉલ્લંઘન કરાયું હોવાનો અરજીમાં આરોપ છે

નવી દિલ્હી. સીજેપી વિરોધ પ્રદર્શનને કારણે દિલ્હીમાં મેટ્રો અને ટ્રેન સેવાઓ સંપૂર્ણપણે બંધ ન રાખવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું કથિતપણે ઉઘાડેછોગ ઉલ્લંઘન કરવા બદલ સત્તાધિકારીઓ સામે અદાલતના અનાદરની કાર્યવાહી કરવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટ રવિવારે સુનાવણી કરશે. સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલી ૧૧ ઓક્ટોબરની કોઝ લિસ્ટ અનુસાર, આ અરજી જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેંચ સમક્ષ સુનાવણી માટે આવશે. એડવોકેટ શૈલેન્દ્ર મણિ ત્રિપાઠી દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન, દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમાર અને દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનના અધ્યક્ષ ડી. થારાને પ્રતિવાદી તરીકે દર્શાવવામાં આવ્યા છે. એડવોકેટ ચાંદ કુરેશી મારફતે દાખલ કરાયેલી અરજીમાં જણાવાયું છે કે, નાગરિકોના મૂળભૂત અધિકારો પરનો આ ક્રૂર હુમલો અને આ અદાલતના આદેશોની ઘોર ઉપેક્ષા એ દિલ્હી મેટ્રો, દિલ્હી પોલીસ અને કેન્દ્ર સરકાર તરફથી કરાયેલો એક ઈરાદાપૂર્વકનો પ્રયાસ છે.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,37,510/-
18 KT 1,12,470/-
14 KT 87,430/-
*શરતો લાગુ
☎ +91 95109 70230
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

psj પચ્ચીગર એન્ડ સન્સ જ્વેલર્સ (સ્નેહલભાઈ)
22 Kt (916) સોનાનો આજનો ભાવ
સૌથી ઓછો ભાવ
₹1,34,900/-
પ્રતિ 10 ગ્રામ
મજુરી 8% થી શરૂ
*શરતોને આધીન
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630